# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : WEDNEDDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) સંસદમાં આજે બૅન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 અને લોકસભામાં ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય ખરડો 2025 પસાર
2) પહેલી સહકારી વિશ્વ વિદ્યાલયની સ્થાપના ગુજરાતમાં કરાશે
3) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, સરકારે 1,410 ગૅમિંગ સાઈટને બ્લૉક કરી.
4) દક્ષિણ કૉરિયામાં જંગલમાં લાગેલી આગમાં અંદાજે 24 લોકોના મોત.
5) IPL ક્રિકેટમાં આજે રાજસ્થાન રૉયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મુકાબલો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV RS BANKING LAWS

સંસદમાં આજે બૅન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 પસાર થયો છે. રાજ્યસભાએ આ ખરડાને મંજૂરી આપી છે. જોકે, લોકસભામાં આ વિધેયક પહેલા જ પસાર થઈ ગયું છે. જ્યારે લોકસભામાં આજે ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય ખરડો 2025 પસાર કરાયો છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે ચર્ચાનો જવાબ આપતાં કહ્યું, સરકારે દેશમાં બૅન્કિંગ ક્ષેત્રને મજબૂત કરવા અનેક પરિવર્તન કર્યાં છે. તેમણે કહ્યું, વર્ષ 2014માં બૅન્ક દબાણમાં હતી અને નરેન્દ્ર મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ એક મજબૂત બૅન્કિંગ પ્રણાલી ઢાંચો તૈયાર કર્યો.

ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય ખરડો 2025માં ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલયના નામે ઓળખાતી ગ્રામ્ય વ્યવસ્થાપન આણંદ સંસ્થાને વિશ્વ-વિદ્યાલય તરીકે સ્થાપિત કરવાની અને તેને રાષ્ટ્રીય મહત્વની એક સંસ્થા તરીકે જાહેર કરવાની પણ જોગવાઈ છે.

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ખરડા પર ચર્ચાનો જવાબ આપતા કહ્યું, આ ખરડો ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે અને સ્વરોજગારનું સર્જન તથા નાના ઉદ્યમીઓના વિકાસમાં મદદરૂપ થશે.

શ્રી શાહે આ ખરડાથી દેશમાં આધુનિક શિક્ષણથી સુસજ્જ સહકારી નેતૃત્વ પ્રાપ્ત થશે તેમ પણ ઉમેર્યું હતું.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય સહકાર મંત્રી) (SAHKARITA BYTE)

...2...

શ્રી શાહે કહ્યું, ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલયનું નામ ગુજરાતમાં અમૂલ કંપનીનો પાયો નાખનારા ત્રિભુવનભાઈ પટેલના નામે રખાયું છે.

(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય સહકાર મંત્રી) (TRIBHUVAN NAME BYTE)

ચર્ચામાં ભાગ લેતાં કોંગ્રેસનાં સાંસદ ગેનીબેન ઠાકોરે કહ્યું, ગુજરાતમાં દેશની પહેલી સહકારી વિશ્વ-વિદ્યાલય સ્થાપિત કરવી તે ગૌરવની વાત છે.

ઉલ્લેખનીય છે કે, આ સંસ્થા ટેક્નિકલ અને વ્યવસ્થાપન શિક્ષણ તેમ જ સહકારી ક્ષેત્રમાં તાલીમ પૂરી પાડશે. આ સંસ્થા સહકારી સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે. આ ખરડો સહકારથી સમૃદ્ધિના દ્રષ્ટિકોણને સાકાર કરવામાં વૈશ્વિક ઉત્કૃષ્ટતાના સ્તરને પ્રાપ્ત કરશે. આ સંસ્થાઓના નેટવર્કના માધ્યમથી દેશમાં સહકારી આંદોલનને મજબૂત બનાવશે. આ સંસ્થાને વિશ્વ-વિદ્યાલયની શાળાઓમાંથી એક તરીકે પણ જાહેર કરાશે.

. . . . . . . . . . . . . . .

# LS VAISHNAV

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, સરકારે ભારતીય સાયબર ગુના સમન્વિત કેન્દ્રના અહેવાલ બાદ એક હજાર 410 ગેમિંગ સાઈટને બ્લૉક કરી છે. લોકસભામાં આજે પૂરક પ્રશ્નોના જવાબમાં શ્રી વૈષ્ણવે કહ્યું, સટ્ટાબાજી અને જુગાર રાજ્ય યાદીનો ભાગ છે અને રાજ્ય

સરકાર પાસે તેના માટે કાયદાકીય માળખું બનાવવાનો અધિકાર છે. તેમણે કહ્યું, કેન્દ્ર-એ આ અંગે અનેક પગલા ઉઠાવ્યા છે.

(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ)

. . . . . . . . . . . . . . .

## COAL AUCTION

કોલસા મંત્રાલય દ્વારા આવતીકાલે નવી દિલ્હીમાં વાણિજ્યિક કૉલસા ખાણની હરાજીના 12મા તબક્કાનો પ્રારંભ કરાશે. સૂચિત ખાણોમાંથી 13 કોલસા ખાણની સંપૂર્ણપણે તપાસ થઈ ગઈ છે. જ્યારે 12 ખાણની આંશિક તપાસ કરવામાં આવી છે.

આ હરાજીનો ઉદ્દેશ સ્થાનિક અને આંતર-રાષ્ટ્રીય રોકાણકારોને આકર્ષિક કરવાનો છે, જેનાથી ઊર્જા અને ઔદ્યોગિક વિકાસમાં આત્મનિર્ભરતા માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન મળશે.

. . . . . . . . . . . . . . .

## SOUTH KOREA FIRE

દક્ષિણ કૉરિયાના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં અનેક જગ્યાએ લાગેલી જંગલની આગમાં અંદાજે 24 લોકોના મોત નીપજ્યા છે. અધિકારીઓએ જણાવ્યું, ઈજાગ્રસ્ત 26 લોકોમાંથી 12 લોકોના સ્થિતિ ગંભીર છે. આગના કારણે 23 હજારથી વધુ લોકોએ પોતાનું ઘર છોડવું પડ્યું છે. સ્થાનિક માધ્યમોના જણાવ્યા મુજબ, પીડિતોમાં મોટા ભાગના 60થી 70 વર્ષની વયના લોકો છે.

આ દુર્ઘટનામાં ઉઈસોન્ગ શહેરમાં એક હજાર 300 વર્ષ જૂનું ગૌન્સા મંદિરને પણ નુકસાન પહોંચ્યું છે. જોકે, અનેક સાંસ્કૃતિક અવશેષોને સલામત સ્થળ પર ખસેડવામાં આવ્યા છે. કોરિયામાં તહેનાત અમેરિકી સેનાના હેલિકૉપ્ટરો સહિત અનેક જગ્યાની આગને કાબૂમાં લાવવા પાંચ હજાર સૈન્યકર્મી અને હજારો અગ્નિશમન દળના જવાનને તહેનાત કરાયા છે. અંદાજે 17 હજાર હૅક્ટર જંગલનો પણ નાશ થયો છે. ક્ષેત્ર મામલે દક્ષિણ કોરિયાના ઇતિહાસમાં આ ત્રીજી સૌથી મોટી જંગલની આગ છે.

કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ હાન ડક સૂ-એ કહ્યું, આ આગ કોરિયાના ઇતિહાસમાં સૌથી ભયાનક જંગલની આગ સાબિત થઈ રહી છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IPL TODAY

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રાજસ્થાન રૉયલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. આસામના ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં શરૂ થયેલી મૅચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. રાજસ્થાન રૉયલ્સની ટીમ રિયાન પરાગ અને કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ અજિંક્યા રહાણેના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, રાજસ્થાન રૉયલ્સે 5 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 41 રન બનાવ્યા છે.

આ પહેલા ગઈકાલે અમદાવાદમાં રમાયેલી મૅચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને અગિયાર રનથી હરાવ્યું હતું. પંજાબ કિંગ્સે જીતવા 244 રનનો લક્ષ્યાંક આપ્યો. જ્યારે ગુજરાત ટાઈટન્સ નિર્ધારિત 20 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 232 રન પર ઑલ-આઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . .

## PM SEPAK TAKRAW WORLD CUP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ બિહારના પટનામાં સેપક ટકરા વિશ્વકપમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારી ભારતીય ટીમને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ કહ્યું, પુરુષોની રેગુ ટીમે ભારત માટે પહેલો સુવર્ણ ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. શ્રી મોદીએ સાત ચંદ્રક જીતનારી ભારતીય ટીમની પ્રશંસા પણ કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય-G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકાશે. સૂચનો મોકલવાની છેલ્લી તારીખ 28 માર્ચ છે.

. . . . . . . . . . . . . . . .

# PM - TB

ભારતના ક્ષય નાબૂદીના મહત્વાકાંક્ષી અભિયાનમાં યોગદાન આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાના સોશિયલ મીડિયા સંદેશમાં પ્રતિક્રિયા આપતા એ વાત પર ભાર આપ્યો કે, પાયાના સ્તરે પ્રયાસોની વધતી ગતિ સ્વસ્થ અને ક્ષયમુક્ત ભારત માટે માર્ગ મોકળો કરી રહી છે.

ક્ષય સામેની લડાઈમાં સામેલ લોકોની પ્રશંસા કરતા શ્રી મોદીએ કહ્યું, તેમના પ્રયાસ ક્ષય સામેની લડાઈને મજબૂત બનાવી રહ્યા છે અને ક્ષયમુક્ત ભારત અને સ્વસ્થ દેશ સુનિશ્ચિત કરવામાં ફાળો આપી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .